# 9. चक्षुष्मान्अन्ध एव

## स्वाध्याय

1.

1) **इन्द्रियाश्र्वसमुत्थापितं रज: किं कलुषयति ?**

मन:

मस्तकम्

दृष्टिम्

सत्यम्

2) **कुपिता बुद्धि: किं न पश्यति ?**

मार्गम्

परदोषम्

आलोकम्

आत्मदोषम्

3) **कुपितस्य स्वेदसलिलात् पूर्वं किं गलति ?**

तप:

कर्तव्यम्

राग:

अधर:

4) **कुपितस्य पूर्वम् अयश: ............., अनन्तरम्  अघर:|**

विमृशति

स्फुरति

कलुषयति

निमज्जति

5) 'शैलुष:' इति शब्दस्य क: अर्थ ?

નર્તક

નટ

ગાયક

પર્વત

6) वृतमुक्ता चितवृति: कीदृशी इव ?

हायष्टि:

विषवल्ली

दुष्ट्बुद्धि:

अविधा

**2.**

1) कृतबुद्धय: कथं पश्यति ?
- कृतबुद्धय: विशुद्धया धिया सर्वान् अर्थात् असत: सतो वा पश्यन्ति ।

2) धर्मक्रोधयो: एकत्र वृति: कीदृशी ?
- धर्मक्रोधयो: एकत्र वृति: पय: पावकयोरिय् निसर्गविरोधिनी अस्ति ।

3) कोपकलुषिता मति: किं न विमृशति ?
- कोपकलुषिता मति: कार्यं अकार्य वा न विमृशति ।

4) मुनिवेषस्य का अनुचिता ?
- मुनिवेषस्य हारयष्टि: इव वृतमुक्ता चितवृति: खलु अनुचिता ।

5) क्रोधान्धस्य किम् अन्धकारीभवति ?
- क्रोधान्धस्य विधा अन्धकारीभवति ।

6) **दुर्वासा: कीदृशेन चेतसा तापसाकल्पं वहति ?**

- दुर्वासा: शैलुष: इव वृथा वहति कृत्रिमम् उपशमषुन्येन चेतसा तापसाकल्पम् ।

## 3. समासप्रकारं लिखत ।

1) **मडगलपटहेन -**

- मडगलपटहेन - मड्ग: पटह: , तेन - कर्मधारय समास:

2) **साधुसेवित: -**

- साधुसेवित: - साधुभि: सेवति: - तृतीया तत्पुरुष् समास:

3) **कृतबुद्धय: -**

- कृतबुद्धय: - कृता बुद्धि: यै: ते - बहुव्रीहि समास:

4) **कोपकलुषिता -**

- कोपकलुषिता - कोपेन कलुषिता - तृतीया तत्पुरुष् समास:

5) **धर्मक्रोधयो: -**

- धर्मक्रोधयो: धर्म: च क्रोध्: च, तयो: - इतरेतर द्रन्द्र समास:

6) **विषपादस्य -**

- पादै: पिबति इति, पादप: - उपपद तत्पुरुष् समास;
- विषमय: पादप:, तस्य - मध्यमपदलोपी, कर्मधारय समास:

## 4. सन्धिविच्छेद कुरुत ।

1) **साधुसेवितोड्यम् = ..............**

- साधुसेवितोड्यम् = साधुसेवित: + अयम्

2) **चक्षुरीक्षते = ..............**

- चक्षुरीक्षते = चक्षु: + ईक्षते

3) **ततो भृकुटि: = ..............**

- ततो भृकुटि: = तत: + भृकुटि:

4) **अन्ध एव = ..............**

- अन्ध एव = अन्ध: + एव

**5. रेखाडताना पदानां स्थाने प्रकोष्ठात् उचितं पदं चित्वा प्रश्णवाक्य रचयत ।**

**(कदा, कस्य, कीदृशी, कथम्, क: )**

1) **पितामह: सुधीरम् उवाच ।**
2) **कदा तपो गलति ?**
3) **कुपितस्य मति: कर्तव्यमकर्तव्यं न विमृशति ।**
4) **कीदृशी बुद्धि: आत्मपदोषं न पश्यति ।**

1) क: सुधीरं उवाच ?
2) कदा तपो गलति ?
3) कस्य मति: कर्तव्यमकर्तव्यं न विमृशति ?
4) कीदृशी बुद्धि: आत्मदोष न पश्यति ?

**6.**

1) દુર્વાસાએ કોને શાપ આપ્યો ? શા માટે ?

- પિતામહ બ્રહ્માજીની સભામાં દુર્વાસા મુનિ સામવેદના મંત્રનું ગાન કરતા હતા ત્યારે તે બીજા એક મુનિ સાથે ઝઘડી પડ્યા અને મંત્રગાનમાં ક્ષતિ થઈ ગઈ. આથી દેવી સરસ્વતીને હસવું આવ્યું. દુર્વાસા આ જોઈને ક્રોધિત થયા અને તેમણે સરસ્વતીને મૃત્યુલોકમાં અવતરવાનો શાપ આપ્યો.

2) ધર્મ અને ક્રોધનું સાથે હોવું કોના જેવું છે ?

- ધર્મ અને ક્રોધનું સાથે હોવું તે પાણી અને આગના સાથે હોવા સમાન છે. ધર્મ સાથે ક્રોધનું હોવું એ સ્વભાવથી વિરુદ્ધ છે. એ જ રીતે પાણી સાથે આગ આવે તો આગ બુઝાઇ જાય. આમ, પાણી અને આગ સાથે હોય તે નિસર્ગવિરોહી બાબત છે.

3) બ્રહ્મા દુર્વાસાને નટ સાથે કેમ સરખાવે છે ?

- નટ મનથી અશાંત હોય ત્યારે પણ કૃત્રિમ રીતે તપસ્વીનો વેષ ધારણ કરીને એનો અભિનય કરે છે, તેમ દુર્વાસા મુનિવેષમાં હોય ત્યારે સદાચારવાળા હોવા જોઈએ, પણ તેઓ સદાચાર રહિત મનોવૃત્તિ ધરાવનાર કૃત્રિમ તપશ્વી જેવી ભુમિકા ભજવી રહ્યા છે. આ કારણે બ્રહ્મા દુર્વાસાને નટ સાથે સરખાવે છે.

### 4) દુર્વાસાનાં જટાવલ્કલ કોના જેવાં છે ? શા માટે ?

- દુર્વાસા મુનિનાં જટાવલ્કલ એક મુનિને છાજે તેવાં લોકોને શાતા આપનારાં નથી. તે લોકોનો વિનાશ કરનાર ઝેરના ઝાડ જેવાં બની ગયાં છે. દુર્વાસાના મુનિવેષની હારમાળા જેવી સદાચાર રહિત મનોવૃત્તિ અનુચિત થઈ ગઈ છે.

### 5) બ્રહ્મા ક્ષમા અંગે શું કહે છે ?

- પિતામહ ભ્રહ્મા દુર્વાસા મુનિને કહે છે કે ક્ષમા સર્વ પ્રકારની તપસ્યાઓનું મૂળ છે. અન્યના દોષ જોવામાં નિપુણ દષ્ટિની માફક કોપવશ થયેલી બુદ્ધિ પોતાના દોષને જોઈ શકતી નથી. મહાન તપના ભારને વહન કરનારી શક્તિ અને બીજાના દોષ જોવાની વૃત્તિ વચ્ચે ઘણું મોટું અંતર હોય છે. અતિશય રોષે ભરીયેલો માણસ આંખોવાળો હોવા છતાં અંધ જ છે. આથી તમારે સરસ્વતીને ક્ષમા આપવી જોઈએ.

## 7. નીચેના પર ટુંક નોંધ લખો.

### 1) ક્રોધની શારીરિક અસરો

- 'हर्षचरितम्' માં કવિવર બાણભટ્ટે ક્રોધનાં લક્ષણોની અને તેની શારીરિક અસરોની વાત કરે છે. ક્રોધ એવો મનોવિકાસ છે કે તેનાથી બુદ્ધિશાળી પુરુષની પણ બુદ્ધિ મલિન થઈ જાય છે. તે કરવાયોગ્ય અને ન કરવાયોગ્ય કર્મોનું સ્વરૂપ સમજી શકતો નથી અને તે કિંકર્તવ્યવિમુઢ બની જાય છે. ગુસ્સે થયેલાની પ્રથમ વિદ્યા નાશ પામે છે; તેની ભમર તણાય છે; પહેલાં આસક્તિ અને લાલાશ ઇન્દ્રિયો પર ગળી જાય છે અને પછી પ્રસ્વેદજળ વહેવા લાગે છે. ક્રોધી વ્યક્તિની અપકિર્તિ થાય છે. જ્યારે તે ક્રોધ કરે છે ત્યારે તેનો અધર ફરકે છે અને શરીરનાં અન્ય અંગો કાંપવા લાગે છે.

### 2) બ્રહ્માનો દુર્વાસાને ઠપકો

- 'हर्षचरितम्' ના પ્રથમ ઉચ્છવાસમાં કવિવર બાણભટ્ટે દુર્વાસા મુનિએ દેવી સરસ્વતીને આપેલા શાપનો ઉલ્લેખ કર્યો છે અને પછી બ્રહ્માજીએ દુર્વાસાને આપેલા ઠપકાની વાત કરી છે. બ્રહ્માજીની સભામાં દુર્વાસા મુનિ સામવેદના મંત્રનું ગાન કરતા હતા ત્યારે તેઓ અન્ય મુનિ સાથે ઝઘડી પડ્યા અને સામગાનમાં તેમની ભુલ થઈ ગઈ. આથી દેવી સરસ્વતીને હસવું આવ્યું. આ જોઈને દુર્વાસા ક્રોધવશ થઈને સરસ્વતીને શાપ આપી બેઠા. ભ્રહ્માજીએ દુર્વાસાને કઠોર શબ્દોમાં ઠપકો આપ્યો. જેમાં તેમણે ક્ષમાને સર્વ પ્રકારની તપસ્યાઓનું મૂળ કહી. તેમણે દુર્વાસાને કહ્યું કે બીજાના

દોષ જોવામાં નિપુણ દ્રષ્ટિની માફક કોપવશ થયેલી બુદ્ધિ પોતાના દોષને જોવામાં અસમર્થ હોય છે. અત્યંત રોષે ભરાયેલો માણસ આંખોવાળો હોવા છતાં અંધ જ બની રહે છે. આથી તમારે સરસ્વતીને ક્ષમા આપવી જોઈએ.